ANUBHAVS



# ખોવાયેલું પર્સ મળી ગયું...

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com



- ઉષા પડિયાર

બાપુ પરિવારમાં આવ્યા પછી મને ઘણાં અનુભવો થયાં છે. તેમાંથી એક અનુભવની હું અહીં રજૂઆત કરુ છું. મારી માતાને બ્રેસ્ટ કેન્સર થયું હતું અને બાપુજીની કૃપાથી તેનું વ્યવસ્થિત રીતે ઓપરેશન પણ થઈ ગયું હતું. ત્યારબાદ તેની રેડિએશનની સારવાર ચાલતી હતી. 10 માર્ચ 2008ના દિવસે હું  તેને લઈને ટાટા હોસ્પીટલના બેઝમેન્ટમાં ગઈ હતી. તે દિવસે ત્યાં વધારે ગિરદી હતી  તેથી ત્યાંના ક્લાર્કે મારી માતાને ‘લાઈટ  રેડીએશન’ અપાઈ ગયા પછી ઝડપથી બહાર જવાનું કહ્યું. આ સમયે હું મારુ પર્સ ત્યાં જ ભૂલી ગઈ હતી. હોસ્પીટલમાંથી બહાર આવીને અમે ત્યાં સામે આવેલાં  રેસ્ટોરેન્ટમાં  ચા-નાસ્તો કરવા માટે ગયા હતાં અને જ્યારે પૈસા આપવા માટે  મારી થેલીમાં જોયું તો મારુ પર્સ નહોતું. પહેલા મને એવો વિચાર આવ્યો કે  કદાચ અહીં જ મારુ પર્સ ચોરાઈ ગયું હશે પરંતુ પછી મને યાદ આવ્યું કે પર્સ તો હોસ્પીટલાં જ રહી ગયું છે. પરંતુ હોસ્પીટલમાં આ વિષે પૂછપરછ કરવાની  મારી હિંમત થતી નહોતી કારણ કે ત્યાં કેન્સરનાં દર્દીઓ અને તેમની સાથે તેમનાં સંબધીઓની ઘણી અવરજવર થતી રહેતી હતી. તેમ છતાં હિંમત કરીને હું ત્યાં ગઈ અને ત્યાં કર્મચારીને આ વિષે વાત કરી. તેણે કહ્યું કે અહીં તમારી કિંમતી વસ્તુઓ તમે સાચવીને રાખો, તે માટે હોસ્પીટલની કોઇ જવાબદારી નથી.

ત્યારબાદ મેં ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવી હતી. મારા પર્સમાં લગભગ 650.00 રુપિયા, ક્રેડિટ કાર્ડસ અને પરમ પૂજ્ય બાપુજીનો ફોટો તથા લૉકેટ હતાં. મારી પાસે પૈસા નહોતા તેથી  મેં મારી બહેનને ત્યાં બોલાવી  અને મારી  માતાને તેની સાથે સાંતાક્રુઝ પહોંચાડીને હું વસઈ મારા ઘરે પાછી  આવી  હતી. ઘરે આવીને સૌ પ્રથમ મેં ક્રેડિટ કાર્ડની સુવિધા બંધ કરવાની  સૂચના આપી હતી. બીજા દિવસે હોસ્પીટલ જવા માટે હું ઝડપથી મારુ કામ કરતી  હતી ત્યાં જ ફોનની ઘંટડી વાગી. ફોન પર પહેલાં મારુ નામ પૂછ્યું. પછી મને પૂછ્યું કે મારુ પર્સ ક્યાં ખોવાઈ હતું ? સમગ્ર પૂછપરછ કર્યા બાદ તેમણે મને કહ્યું કે તમારુ પર્સ મળી ગયું છે અને ટાટા હોસ્પીટલની સિક્યોરીટી ઓફીસમાં છે.



ટાટા હોસ્પીટલાં પહોંચીને પહેલાં મારી માતાની સારવાર કરાવી અને પાછા ફરતી વખતે હું સિક્યોરીટી ઓફીસમાં મારુ પર્સ લેવા ગઈ, તેમણે ફરીવાર મારી સમગ્ર પૂછપરછ કરી ને મારુ પર્સ પાછું આપ્યું. પર્સમાં પૈસા નહોતા પરંતુ બાકીની બધી વસ્તુઓ બરાબર વ્યવસ્થિત હતી. ત્યાંના કર્મચારીએ મને કહ્યું કે આજે તમારુ પર્સ માત્ર તમારા બાપુજીને કારણે જ તમને મળ્યું છે.

ડગલે ને પગલે ભક્તો માટે કષ્ટ સહન કરતાં મારા બાપુજીને કોટિ કોટિ પ્રણામ !!!

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com